# સ્પોર્ટ્સ અપડેટ

## બ્લાઈન્ડ ક્રિકેટ ટ્રાઈ સિરીઝમાં ભારત ચેમ્પિયન



**વલસાડ,**
ગોવામાં શનિવારે રમાયેલી બ્લાઈન્ડ ક્રિકેટની ત્રિકોણીય શ્રેણીની ફાઈનલ મેચમાં ભારતે શ્રીલંકાને ૧૦ વિકેટથી પરાજય આપી ચેમ્પિયન બન્યું હતું. ભારતીય ટીમના ખેલાડી અને વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાના અનિલ ગારીયા ૪૩ રને અણનમ રહી ભારતના વિજયમાં મહત્વનો ફાળો આપ્યો હતો. બેંગ્લોરમાં ૫ ઓક્ટોબરથી ભારત,ઈંગ્લેંડ અને શ્રીલંકા વચ્ચેની ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મચમાં ભારતે શ્રીલંકાને હરાવી ધમાકેદાર શરૂઆત કરી હતી. ત્યારબાદ રમાયેલી ૪ મેચોમાં પણ ભારતે શાનદાર પ્રદર્શન કરતા ભારત સીધુ ફાઈનલમાં પ્રવેશ્યું હતું.દરમિયાન શનિવારે ગોવામાં જી.સી.એ. મેદાન પર રમાયેલી ભારત શ્રીલંકા વચ્ચેની ફાઈનલમાં ભારતીય બોલરોના ઉત્તમ પ્રદર્શનના પગલે શ્રીલંકા માત્ર ૧૧૦ રન બનાવી ઓલઆઉટ થયું હતું. જેના જવાબમાં ભારતે માત્ર ૧૧.૨ ઓવરમાં જ ૧૨૦ રન બનાવી લેતા મેચ જીતી ચેમ્પિયન બન્યું હતું. જેમાં ઓપનર અને ગુજરાતના વલસાડ જીલ્લાના અંતરિાળ ઉગતા ગામના અનિલ ગરિયાએ શરૂઆતથી જ ચોગ્ગાની રમઝટ બોલાવી હતી અને ૪૩ રન આપી અણનમ રહ્યાં હતા. જ્યારે દુર્ગારાવે ૬૩ રનનો ફાળો આપ્યો હતો. ભારતની ટીમમાં વલસાડ જીલ્લાના ધરમપુર પાલુકાના રાજપુરી જંગલના ગણેશ મુહૂડકરે અને વાંસદા તાલુકાના ખાતા આંબા ગામના નરેશ તુમડાનો પણ સમાવેશ કરાયો હતો.★

# પ્રમુખના વોર્ડમાં રૂા.૧.૨૦ કરોડના વિકાસકાર્યોની મંજૂરીથી વિવાદ



(તસ્વીરઃ- વિરલ રાણા, ભરૂચ)

**ભરૂચ,**
ભરૂચ નગરપાલિકાના પ્રમુખના વોર્ડમાં સવા કરોડના વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવતા વિરોધ પક્ષના સભ્યો દ્વારા તમામ વોર્ડના વિકાસના કામ માટે સમાન ગ્રાન્ટની વહેંચણી બાબતે રજુઆત કરવામાં આવી હતી. ભરૂચ નગરપાલિકાના પ્રમુખ સુરભીબેન તમાકુવાલાના વોર્ડ નંબર ૭ માં રૂા.૧.૨૦ કરોડના વિકાસ કાર્યોની દરખાસ્ત કરવામાં આવતા વિવાદ સર્જાવા પામ્યો છે. દરેક વોર્ડમાં વિકાસકાર્યો માટે રૂા.૪૦ થી ૪૨ લાખની જોગવાઈ હોવા છતા આ રીતે એક જ વોર્ડમાં સવા કરોડના કામો માટે મંજૂરી અપાતા વિપક્ષના નેતા સમશાદઅલી સૈયદ દંડક હેમેન્દ્ર કોઠીવાલા સહિત કોંગ્રેસના સભ્યોએ પાલિકા કચેરી ખાતે હોબાળો મચાવી દીધો હતો. તમામ વોર્ડમાં સમાંતર ગ્રાન્ટ ફાળવણી માંગણી સાથે પ્રમુખને આવેદનપત્ર પાઠવી તે માટે રજુઆત કરી હતી. પાલિકા પ્રમુખ સુરભીબેન તમાકુવાલાએ જે વિકાસકામોની જરૂરીયાત હતી તે મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હોવાનું પશ્ચિમ વિસ્તારને અન્યાય કરાતો હોવાના વિપક્ષના આક્ષેપને ફગાવી દઈ હજુ જે વોર્ડના કામો માટેની દરખાસ્ત આવશે તે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવશે તેમ જણાવ્યું હતું. ભરૂચ નગરપાલીકામાં પ્રમુખના વોર્ડમાં વિકાસકાર્યો માટેની ગ્રાન્ટ ફાળવણીના વિવાદબાદ ભાજપ મોવડી મંડળ તેના નિરાકરણ માટે કેવા પગલા ભરે છે તેમજ પ્રમુખ પણ તે માટે શું કાર્યવાહી કરે છે તે જોવું રહયું.★

## સુરતમાં ઉત્તર ભારતીયો ઉપર હુમલાનો એકપણ બનાવ બન્યો નથી : ગૃહમંત્રી જાડેજા

**સુરત,**
ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહે જણાવ્યું છે કે, સુરતમાં વસતા ઉત્તર ભારતીયો પર હુમલાનો એક પણ બનાવ બન્યો નથી. શુક્રવારે રાત્રે જે બિહારી નાગરિકનું મોત થયું છે તે અકસ્માતને કારણે થયું છે. જેને પર પ્રાંતિયના હુમલા સાથે જોડવું અત્યંત નીંદનીય છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રી જાડેજાએ સુરતમાં માર્ગ અકસ્માતમાં બિહારી નાગરિકના મૃત્યુની ઘટનાને પરપ્રાંતિયો પરના હુમલા સાથે જોડવાના હીન પ્રયાસોના સંદર્ભે કહ્યું કે, રાજ્યમાં પરપ્રાંતિયો પર જે હુમલાના બનાવો નોંધાયા છે તેમાં સુરત ખાતે એક પણ બનાવ બન્યો નથી. ગઈકાલે જે બિહારી નાગરિકના મોતની કમનસીબ ઘટના બની છે, તે નાગરિક વર્ષોથી સુરતમાં રહેતા હતા. તેઓ પૂરપાટ ઝડપે બાઈક લઈને નીકળ્યા હતા.



મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકામાં આજ રોજ ડોક્ટર એ પી જે અબ્દુલ કલામ ની જન્મ જયંતિ નિમિત્તે વિરપુર ના સામુહીક આરોગ્ય કેન્દ્રમાં ભારતીય જનતા ના યૂવા મોરચા વિરપુર દ્વારા ફળ અને ગ્લુકોઝ બિસ્કિટ નુ વિતરણ કરવામાં આવ્યું હતું જેમા ભા જ પ યૂવા મોરચા ના વિરપુર તાલુકાના મંત્રી સદાબ અબ્બાસી અને આઈટી સેલ અને સોશિયલ મીડિયા સહ ઈન્ચાર્જ સારૂખ પીરજાદા તેમજ સાદિકભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં .( તસ્વીરઃ- વિપુલ જોષી , વિરપુર )

# કલકત્તાના વેપારી સાથે ૧.૩૫ કરોડનો વિશ્વાસઘાત

**સુરત,**
સારોલી - સણિયા ગામ રોડ આવેલી કન્હૈયા ટ્રાન્સપોર્ટના મેનેજર સહિત ૪ ઈસમોએ કાપડના પાર્સલો કલકત્તાના એક વેપારીને મોકલવાના હતા, પરંતુ કાપડના પાર્સલોની નહીં મોકલી તથા પેમેન્ટ નહીં ચૂકવી ૧.૩૫ કરોડનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળના કલકત્તા ખાતે અને કાપડના વેપારી આશીષભાઈ મુકેશભાઈ ટંડને આર.કે. લેસના માલિક ઈશ્વરકાકાના નામે કાપડનો માલ સારોલી ખાતે આવેલી કન્હૈયા ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવ્યો હતો. કુલ ૧૦૯ નંગ કાપડના પાર્સલો કલકત્તા ખાતે લઈ જવાના હતા. અને આ તમામ માલ અને પાર્સલો અજાણ ઓમ પ્રકાશ સ્વામી સહિત ચાર ઈસમો લઈ જવાના હતા. આ માલ કલકત્તા ખાતે નહીં પહોંચાડી વેપારી સાથે વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. આરોપીઓએ રૂા. ૧.૩૫ કરોડનું પેમેન્ટ વેપારીને નહીં આપી વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. પુણા પોલીસ મથકમાં વેપારી આશિષ ટંડને ૪ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સ્વાધિન વુમેન્સ ફાઉન્ડેશનનું સેલવાસના પાતલિઃયા ફળિયામાં ગરબા આયોજન



(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

**વલસાડ,**
સંઘપ્રદેશ દાનહની સ્વાધિન વુમેન્સ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ શનિવારે પાતલિયા ફળિયાના રહીશો માટે નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું હતું.

પાલિકાના વોર્ડ નં. ૧૪માં આયોજીત નવરાત્રી મહોત્સવમાં મોટી સંખ્યામાં સ્થાનિક રહીશોએ ગરબામાં ભાગ લીધો હતો. ફાઉન્ડેશનના અધ્યક્ષા અંકિતા પટેલે જણાવ્યું કે, સંસ્થા દ્વારા સર્વધર્મ સમભાવના વિચારોથી દરેક કાર્યક્રમોનું આયોજન કરે છે. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૧૪ના મહિલા કાઉન્સિલર રીટાબેન પટેલે ઉપસ્થિત રહીને વિવિધ ઈનામોનું વિતરણ કરીને ખેલૈયાઓના ઉત્સાહમાં વધારો કર્યો છે.★

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

## ચીનમાં દર પાંચમાં દિવસે એક અબજોપતિ બને છે

નવી દિલ્હી : ચીનમાં તાજેતરના સમયમાં દર પાંચમાં દિવસે એક વ્યક્તિ અબજોપતિ બને છે. પહેલા એશિયામાં એક સપ્તાહમાં એક અબજોપતિની સ્થિતિ સર્જાઈ રહી હતી પરંતુ હવે તેની ગતિ વધી ગઈ છે. નવા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દર ત્રીજા દિવસે એશિયામાં એક વ્યક્તિ અબજોપતિ બને છે. આ મામલામાં એશિયા બાકીની દુનિયાથી ખૂબ આગળ છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા વર્ષે એશિયામાંથી મોટી સંખ્યામાં લોકો અબજોપતિ બન્યા હતા. જે વર્ષ ૨૦૦૯ના ૩૫ ટકાની સરખામણીમાં બે ગણા છે. છેલ્લા બે દશકમાં ૧૩૦૦થી વધારે અબજોપતિ સાથે જોડાયેલા આંકડાના મૂલ્યાંકન બાદ આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા વર્ષે અબજોપતિ બનનાર એશિયાના ઉદ્યોગ સાહસિકોમાં ચીનના ઉદ્યોગ સાહસિકો વધારે હતા.

**VINYOFLEX LIMITED**
Regd. Off : 307, Silver Chamber, Tagore Road, Rajkot - 360 002.
CIN : L25200GJ1993PLC019830
Ph. : 0281-2468345, 2468776
Fax : 0281-2468839
Web site : www.vinyoflex.com
E mail : info@vinyoflex.com

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations 2015 that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on 25th October 2018, Thursday at 04.00 P.M. at the registered Office of the Company for taking on record of the unaudited Financial Results for the quarter ended on 30th September 2018.
This information is also available on the company`s Website at : www.vinyoflex.com and on website of the Stock Exchange i.e. BSE Website at : www.bseindia.com

Place : RAJKOT
Date : 16-10-2018

by Order & behalf of the Board of Directors for Vinyoflex Ltd.
CS. Hetal Lodhiya
Company Secretary & Compliance Officer

**ભારતીય કસ્ટમ્સ**

**અભૂતપુર્વ ટેક્ષ સુધારા**
વ્યવસાય માટે ઉન્નત સરળતા




**છેલ્લા કેટલાક વર્ષોમાં કસ્ટમ્સ પ્રક્રિયાઓ અને કાર્યવાહી સરળ બનાવવા માટે ભારતીય કસ્ટમ્સે અનેક પગલાં લીધાં છે.**

**એપ્રિલ, ૨૦૧૭ થી હાથ ધરવામાં આવેલા સુધારા**

- ઓનલાઇન પેપરલેસ પ્રોસેસિંગ એપ્લીકેશન, E-SANCHIT વેપારીને ઇલેક્ટ્રોનિક રીતે કન્સાઇનમેન્ટ્સના ક્લિયરન્સ માટેના તમામ સહાયક દસ્તાવેજો રજૂ કરવાની પરવાનગી આપે છે. દસ્તાવેજોની હાર્ડકોપી સાથે જુદી જુદી માન્ય એજન્સીઓનો સંપર્ક કરવાની જરૂર નથી.
- રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા ઉન્નત સુવિધાથી પરીણામો માટે ઓછો સમય લેવામાં આવ્યો છે.
- ડાયરેક્ટ પોર્ટ ડિલિવરી (ડીપીડી) રજિસ્ટર્ડ આયાતકારોને ટર્મિનલ પર કસ્ટમ્સ ક્લિઅરન્સ પૂર્ણ કરવા માટે પરવાનગી આપે છે અને કન્ટેનર સીએફએસમાં જઇને સીધી ફેક્ટરીમાં લઇ જઇ શકે છે.
- ડાયરેક્ટ પોર્ટ એંટ્રી (ડીપીઈ) સી.એફ.એસ. પર જવાની જરૂર વિના નિકાસ કાર્ગોની સીધી એન્ટ્રી કાર્ગોને પોર્ટ ટર્મિનલમાં આપે છે.
- અધિકૃત ઇકોનોમિક ઓપરેટર (એઇઓ) યોજના ઝડપી કસ્ટમ્સ ક્લિયરન્સ અને વ્યવસાયિક સંસ્થાઓની કસ્ટમ્સની કાર્યવાહી સરળ બનાવે છે. ૧૭૦૦ થી વધુ કંપનીઓને તેનાથી લાભ મળે છે.
- નિયત સમયની અંદર એન્ટ્રીના બિલને ફરજિયાત બનાવવું એ વેપાર વચ્ચે શિસ્તનું પરિણામ છે જેનાથી આયાતના સીએસએમાં ઘટાડો થયો છે.
- વિભાગીય અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરાયેલ સીલિંગની અગાઉની પ્રેક્ટિસની જગ્યાએ કન્ટેનરની ઇ-સીલિંગ રજૂ કરવામાં આવી છે. તે કાર્ગોની અખંડિતતાને વધારે છે કારણ કે આરએફઆઈડી ટેમ્પર-પ્રૂફ ઇ-સીલ્સનો ઉપયોગ હવે કન્ટેનરને સીલ કરવા માટે થાય છે.

**૨૦૧૬-૧૭ દરમિયાન હાથ ધરવામાં આવેલા સુધારા**

- ફેસિલિટિટીગ ટ્રેડ (એસડિફ્ટિ) માટે સિંગલ વિંડો ઈન્ટરફેસ ૬ મુખ્ય સરકારી એજન્સીઓ માટે એનઓસી ઇશ્યૂ કરવાની પ્રક્રિયા સરળ બનાવે છે અને આયાતકારો અને નિકાસકારોને ફક્ત એક જ જગ્યાએ ઓનલાઇન ક્લિયરન્સ દસ્તાવેજો નોંધાવવાની સુવિધા આપે છે.
- આયાત / નિકાસ માટે ફક્ત ૩ ફરજિયાત દસ્તાવેજો જ જરૂરી છે જેમાં પહેલાંના ફરજિયાત ૧૦ દસ્તાવેજો માંથી લેડિંગ / એરવે બિલ, કોમર્શિયલ ઇનવોઇસ-કમ-પેકિંગ સૂચિ અને શિપિંગ બિલ / એન્ટ્રીના બિલનો સમાવેશ થાય છે.
- 'કલીયર ફર્સ્ટ-પે લેટર'ના સિદ્ધાંતના આધારે, કસ્ટમ્સ ડ્યૂટીની વિલંબીત ચુકવણીની સુવિધા ઉપલબ્ધ છે. આ માત્ર ઇન-ટાઇમ મેન્યુફેક્ચરીગ સુવિધા માટે વેરહાઉસ ટ્રાંઝિટ પર સીમલેસ વોર્ફ પ્રાપ્ત કરવામાં સહાય કરે છે. હાલમાં એઇઓ ટી -૨ અથવા ટી -૩ સ્થિતિ ધરાવતા આયાતકારો માટે હાલમાં વિસ્તૃત કરવામાં આવી છે.
- નિયુક્ત બંદરો અને એર કાર્ગો સંકુલમાં મફત શિપિંગ બિલ હેઠળ મોકલેલી એન્ટ્રી અને માલસામાન દ્વારા આવરી લેવામાં આવતી વસ્તુઓને ૨૪X૭ કસ્ટમ્સ ક્લિયરન્સ સુવિધા આપવામાં આવી છે.
- વેપાર સુવિધા પર રાષ્ટ્રીય સમિતિ (એનસીટીએફ) અસરકારક વિચારશીલ અને નિર્ણય-નિર્માણ માળખું છે. તેની ત્રણ-તૃતિય રચના અને વેપારના પ્રતિનિધિઓ અને બોર્ડ પરની વિવિધ સરકારી એજન્સીઓ સાથે, એનસીટીએફ માલની ઝડપી અને સુવ્યવસ્થિત મંજૂરી મેળવવા માટે અવરોધ ઘટાડવામાં મદદ કરે છે.
- કસ્ટમ્સ ક્લિયરન્સ ફેસિલેશન સમિતિઓ (સીસીએફસી) ની ચીફ કમીશ્નર ઓફ કસ્ટમ્સ / કમિશનર ઓફ કસ્ટમ્સની અધ્યક્ષતા હેઠળ સ્થાપના કરવામાં આવી છે. સીસીએફસીએ આયાત અને નિકાસ માલની મંજૂરીને વેગ આપ્યો છે અને વિવિધ બંદરો, એરપોર્ટ્સ, આઇસીડી અને એલસીસીમાં વેપાર અને ઉદ્યોગની ફરિયાદોને ઉકેલવામાં મદદ કરી છે.

**આયાત અને નિકાસ સાથે સંકળાયેલા સમય અને ખર્ચના સંદર્ભમાં ઉપરોક્ત સુધારાઓનો સંપૂર્ણ પ્રભાવ જે.એન.સી.સી., મુંબઇ ખાતે હાથ ધરવામાં આવેલા ટાઇમ રીલીઝ સ્ટડી (ટીઆરએસ) ૨૦૧૮ ના આંકડાથી નીચે મુજબ છેઃ**

એડવાન્સ બિલ ભર્યાના કેસોની એન્ટ્રીની ટકાવારી ૫૮% થી વધી છે.
- ૨૦૧૮ માં આયાત માટેના સરેરાશ પ્રકાશનનો સમય ૧૪૪.૧૮ કલાક સુધર્યો છે.
- ડીપીડી માટે બીલનો સરેરાશ રીલીઝનો સમય ૮૪.૪૮ કલાકનો થયો છે.
- કસ્ટમ્સ ટેરિફ શીર્ષક ૮૭૦૮ હેઠળ આવતા ઓટો કોમ્પોનેન્ટ માટે એન્ટ્રી બિલ્સના કેસમાં, સરેરાશ રીલીઝ સમય ૯૧.૫૨ કલાક થયો છે.
- ચોખ્ખો સરેરાશ નિકાસ પ્રકાશન સમય, કુલ સરેરાશ નિકાસ પ્રકાશન સમયથી સ્થાનિક પરિવહન સમયને બાદ કરતાં ૮૪.૧ કલાકનો આવે છે.

**આયાતકારો અને નિકાસકારો ICEGATE વેબસાઇટ પર તેમના દસ્તાવેજો અને કન્ટેનર્સને ટ્રેક કરી શકે છે.**

- નહેવા શેવા, હઝીરા અને મુન્દ્રા બંદરો તરફ જતા કાર્ગો માટે www.icegate.gov.in પર "કન્ટેનર ટ્રેક કરો" સુવિધાનો ઉપયોગ કરીને કન્ટેનરનું સ્થાન શોધી શકાય છે.
- બિલ ઓફ એન્ટ્રી અથવા શિપિંગ બિલની હાલની સ્થિતિ ICIGATE વેબસાઇટ પર લોગ ઇન કરીને શોધી શકાય છે.
- કસ્ટમ્સ દ્વારા નેપાળ-બાઉન્ડ કાર્ગોની પહેલેથી જ ઇલેક્ટ્રોનિક ટ્રેકિંગ શરૂ કરવામાં આવી છે.

*ભારતીય કસ્ટમ્સ - સરળ અને ઝડપી વેપાર માટે કટીબધ્ધ*

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સ
www.cbic.gov.in, www.icegate.gov.in

davp 15502/13/0056/1819